પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-11-2026 **Midday : 2.30 to 2.35 PM**

Day : TUESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

CM TMC PLANT

પંચમહાલના હાલોલના નૂરપુરા ગામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે TMC ટ્રાન્સફોર્મર્સ ઈન્ડિયા લિમિટેડના નવા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે એશિયામાં સૌથી વિશાળ બનનારા આ પ્લાન્ટને કારણે પંચમહાલ અને તેની આસપાસના વિસ્તારના યુવાનોને રોજગારી મળશે અને જિલ્લાનો વધુ વિકાસ થશે. તેમણે ઉમેર્યું હતુંકે ઉર્જાના ક્ષેત્રમાં ભારત વિશ્વમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. તેમણે મેન્યફેક્ચરિંગના ક્ષેત્રમાં પણ ગુજરાતનું મહત્વપૂર્ણ યોગદાન હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

NAVSARI GAMES

રાજ્યની 55 વિધાનસભા મતવિસ્તારમાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે ગીલ્લીદંડા, સાતોડિયુ, આટાપાટા સહિતની પરંપરાગત રમતોનો ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. નવસારી જિલ્લાના ગણદેવી વિધાનસભા મતવિસ્તારમાં આ રમતોત્સવનો આરંભ કરાવતા આદિજાતી વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું હતું કે આ રમતોને કારણે સ્વાસ્થ્ય ઉત્તમ રહે છે.

(બાઇટ - નરેશ પટેલ, મંત્રી)

GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે સાંજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રીના પ્રવાસના કારણે આ વખતે નિયમિત બેઠકના દિવસમાં ફેરફાર કરી આજે આ બેઠક યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાનારી આ બઠકમાં રાજ્યના મહત્વના વહીવટી અને નીતિગત મુદ્દાઓની સમીક્ષા કરાશે. તેમાં રાજ્યના કૃષિ, સિંચાઈ, પાણી પૂરવઠા, પશુપાલન અને આદિજાતિ વિસ્તારોને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થશે. સાથે જ બેઠકમાં રવિ મોસમ દરમિયાન ખેડૂતોને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા અંગે વિશેષ સમીક્ષા કરાશે. ખાસ કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોને પીવાનું પાણી નિયમિત મળી રહે તે માટેના પગલાંની સમીક્ષા થશે.

શિયાળુ પાકના વાવેતર અને આગામી દિવસોમાં સિંચાઈની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થા અને પાણી વિતરણના આયોજન અંગે ચર્ચા થશે. સાથે જ આદિજાતિ વિસ્તારોમાં યોજાનારા વિવિધ સરકારી કાર્યક્રમ અંગે બેઠકમાં ચર્ચા તેમજ મુખ્યમંત્રીના આ વિસ્તારોના પ્રવાસ દરમિયાન થયેલી મુલાકાતો, કાર્યક્રમો અને વિકાસલક્ષી કામોની સમીક્ષા થશે.

AMD BAOU MoU

અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – BAOU ખાતે ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં શૈક્ષણિક સંવાદ અને ત્રિપક્ષીય સમજૂતી કરાર થયાં. પ્રયાગરાજ સ્થિત ઉત્તરપ્રદેશ રાજર્ષિ ટંડન ઓપન યુનિવર્સિટી અને પ્રોફેસર રાજેન્દ્ર સિંહ – રજ્જુ ભૈયા યુનિવર્સિટીના શૈક્ષણિક પ્રતિનિધિમંડળે BAOUની મુલાકાત લીધી.

દરમિયાન મંડળે શૈક્ષણિક ઉત્તમ અભ્યાસ અને ઓનલાઈન અભ્યાસની કામગીરી અંગે માહિતી મેળવી. આ પ્રસંગે ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલે ઉચ્ચ શિક્ષણ, કન્યાકેળવણી અને સામાજિક સમરસતા થકી રાષ્ટ્રનિર્માણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જ્યાંથી પણ શીખવા મળે ત્યાંથી કશુંક નવું શીખવા લોકોને સલાહ આપી.

ANTF MEETING

ગાંધીનગર પોલીસ ભવનમાં પોલીસ મહાનિદેશક અને રાજ્ય પોલીસ વડા જી.એસ. મલિકની અધ્યક્ષતામાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

નશીલા પદાર્થોના દૂષણને નાથવા, ડ્રગ્સ નેટવર્ક સામેની કાર્યવાહી વધુ સઘન બનાવવા તેમજ નશામુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા હાથ ધરવામાં આવી રહેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

GIFT CITY MCR2030

ભારતના ગ્લોબલ ફાઇનાન્સ-ટેક સિટી, ગિફ્ટ સિટીને યુનાઇટેડ નેશન્સ ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન દ્વારા ભારતના પ્રથમ મેકિંગ સિટીઝ રેઝિલિયન્ટ 2030 (MCR2030) રેઝિલિયન્ટ હબ તરીકે માન્યતા આપવામાં આવી છે. આ હોદ્દો ગિફ્ટ સિટીને એશિયા અને પેસિફિકમાં સૌથી નવું રેઝિલિયન્ટ હબ બનાવે છે અને તેને ભારત અને વિશ્વભરના શહેરો સાથે શહેરી રેઝિલિયન્ટમાં વ્યવહારુ અનુભવ વ્યક્ત કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે સ્થાન આપે છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય અને ટેકનોલોજી કેન્દ્ર માટે, લોકોના રક્ષણ, આવશ્યક સેવાઓ જાળવવા અને વ્યવસાયિક વિશ્વાસ ટકાવી રાખવા માટે રેઝિલિયન્ટ મૂળભૂત છે. આ માન્યતા ગિફ્ટ સિટીના તેના શહેરી વિકાસ અને કામગીરીમાં આપત્તિ વ્યવસ્થાપનને સમાવિષ્ટ કરવાના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

DAMAN FLIGHT TRAING PASSING PAREDE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય તટરક્ષકના હવાઈ મથક ખાતે પ્રથમ ડોર્નિયર કન્વર્ઝન અને ઓપરેશનલ ફ્લાઈંગ ટ્રેનિંગ કોર્સની પાસિંગ આઉટ પરેડ અને વિંગ્સ પ્રદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોસ્ટગાર્ડ વેસ્ટ ઝોનના IG ભીષ્મ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા ૪ અધિકારીઓને પ્રતિષ્ઠિત કોસ્ટ ગાર્ડ એવિએટર વિંગ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નવા પાયલટો ના પરિજનો પણ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં.